રજુ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૫/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૧ ૧૪

**આંક– ૦૮**

---

**ભાવનગરના મે.ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૭૬૮/૨૦૨૬**

---

**અરજદાર –** **કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર**
ઉ.વ.૧૬, (જન્મ તારીખ ૦૭/૧૧/૨૦૧૦)
તેમના પિતા તથા કુદરતી વાલી વતી નામે
હનીફભાઈ ઉસ્માનભાઈ કાલવા (વાલી),
રહે. માઢીયા ફલી, વડવા, કાછીયાવાડ,
જીલ્લો : ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

---

**બાબત :બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.**

---

કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરના વાલી તરફે વિ.વ.શ્રી એસ.આર.ભોહરીયા.
સામાવાળા તર્ફે વિ.એ.જી.પી.શ્રી એમ.આર.જોષી.

---

**:: જજમેન્ટ ::**

(૧) આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરના વાલીએ નીલમબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૭૫/૨૦૨૬ થી નોંધાયેલ પ્રાણીઓના સાચવણી અંગેના અધિનિયમની કલમ ૮(૪), ૧૦ ના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને આગોતરા જામીન

ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી તથા સદર ગુન્હાના કામે અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) આ કામે અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, સદર ગુન્હાના કામે અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર સ./ઓ. હનીફભાઈ ઉસ્માનભાઈ કાલવા સામે નીલમબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૭૫/૨૦૨૬ થી નોંધાયેલ પ્રાણીઓના સાચવણી અંગેના અધિનિયમની કલમ ૮(૪), ૧૦ મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાયેલ છે અને સદર ગુન્હાના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ડીટેઈન કરે તેવી દહેશત હોવાથી હાલની આ આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની અરજી કરેલ છે. વધુમાં, અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર જુવેનાઈલ છે અને તદ્દન નિર્દોષ છે અને ગુન્હા અંગે કશુ જાણતા નથી અને અરજદારે સદર ગુન્હાના કામે કોઈ ભાગ ભજવેલ નથી. ફરિયાદ જોતાં માત્ર આરોપી રફીકભાઈ કાલવાના કહેવાતા નિવેદનમાં હાલના અરજદારને ભત્રીજા તરીકે મદદ કરતા હોવાનું તદ્દન ખોટી રીતે દર્શાવી ખોટી રીતે સંડોવી દીધેલ છે. કહેવાતા સહઆરોપીના નિવેદન સિવાય અન્ય કોઈ પુરાવો મળી આવેલ નથી. અરજદારે તાજેતરમાં ધોરણ–૧૦ ની પરીક્ષા આપેલ છે અને અભ્યાસ કરે છે. તેમના ઘરના સભ્યોના એફ.આઈ.આર.માં નામ લખાવી દીધેલ ઉપરાંત સહઆરોપીએ નીચેની અદાલતમાં ઈલટ્રીટમેન્ટની ફરિયાદ પણ કરેલી છે. જો અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને ડીટેઈન કરવામાં આવે તો તેમના કુમળા માનસ ઉપર ગંભીર અસર પહોંચે તેમ છે અને તેનું ભવિષ્ય ખરાબ થાય તેમ છે. તપાસના કામે પુરતો સાથ સહકાર આપવા તૈયાર છે. તેમજ અરજદાર/કાયદાના

સંઘર્ષમાં આવેલ બાળકિશોરના પરિવાની પ્રતિષ્ઠાને નુકશાન થાય તેમ છે અને તપાસ કરનાર પોલીસ અધિકારી ગેરકાયદેસર રીતે અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર પાસે કબુલાતો કરાવે તેવી શકયતાઓ રહેલી છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર સામે પ્રાણીઓના સાચવણી અંગેના અધિનિયમની કલમ ૮(૪), ૧૦ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે અને અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર નાસતા ફ્રરે છે અને હાજર થઇ તપાસના કામે સહકાર આપતા નથી. તેમજ અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની જરુરીયાત છે. અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર અગાઉ પણ પુખ્ત વયના આરોપીના સંપર્કમાં હતા. જો અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ડીટેઇન કરવામાં આવે તો આગળની તપાસ થઇ શકે તેમ છે. જુવેનાઇલને જે.એમ.એફ.સી. કોર્ટમાં રજુ કરતા બેઇલ આઉટ કરી જ દેશે. અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરની ડીટેઇન કર્યા વગર અને તેના સહકાર વગર તપાસ પૂર્ણ થાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગોમાં અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરની આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૩ ના લીસ્ટથી અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા. આંક–૦૭ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર સામે નીલમબાગ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૭૫/૨૦૨૬ થી નોંધાયેલ પ્રાણીઓના સાચવણી અંગેના અધિનિયમની કલમ ૮(૪), ૧૦ મુજબના

ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે આ કામના અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરે કોઇ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવેલ હોવાની અને અરજદાર/આરોપીએ કોઇ ગુન્હો કરેલ નહીં હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ તે પુરાવાનો વિષય હોય, હાલ જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઇ ગુણદોષમાં ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો, સદર ગુન્હાના કામે તપાસ દરમિયાન રફીકભાઇ ઉર્ફે આદમભાઇ ઉસમાનભાઇ કાલવા છેલ્લા ૨૦ વર્ષથી મટન વેચવાનો ધંધો કરતા હોય અને ઘરે કટીંગ પણ કરતા હોય, પોતાના ઘરે દુકાનની સાથે પાછળના ભાગે કટીંગ કરવા માટેની જગ્યા છે જેનું પેઓ કોઇ લાઇસન્સ ધરાવતા નથી અને આ ધંકામાં પોતાની સાથે પોતાનો મોટો ભાઇ ગફારભાઇ ઉસ્માનભાઇ કાલવા મદદરુપ થતા હોય, જે અલગઅલગ જગ્યાએથી ભેંસ પાડા-વાછરડા લાવી પોતાની દુકાનમાં રાખતા હોય, તેમજ કયારેક કયારે કટીંગ કરેલ તૈયા માંસ (મટન) લઇ આવી આરોપીને આપતા અને પોતે વેચાણ કરતા હોય, જેમાં અમુક ગ્રાહકોને પાડાનું મટન મોંઘુ પડતુ હોય જેથી પાડાના મટન સાથે ગૌમાસ ભેળવીને વેચાણ કરતા હોય અને આ ધંધામાં પોતાના ભત્રીજા  કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર સ./ઓ. હનીફભાઇ કાલવા તથા અન્ય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા ઉસ્માનભાઇ જમાલભાઇ કાલવા એ રીતેના કુટુંબના સભ્યો આ ધંધા સાથે સંકળાયેલા હોય અને તેમાં અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર તથા તેના પીતરાઇ બે ભાઇ માસ કાપતી વખતે મદદરુપ થતા હોય અને માંસ કાપવા માટે પોતે કોયતા છરીઓનો ઉપયોગ કરતા હોય અને લાકડાના ઢબકલાઓ વડે માંસ કાપવાનું કામ કરી અને પડા તથા ગૌવંશ કાપ્યા બાદ તેના બાકીના અવયવોનો નિકાલ કરવા ચામડા શિંગડા તેમજ ખરાબ મટન વિગેરેનો નાશ કરવા માટે પોતે કોર્પોરેશન તરફથી આવતી ટેમ્પલ બેલમાં નાખી દેતા હોય જેમાં ચામડા અને શીંગડા જેવા વધારાના અવયવોનો નાશ કરતા હોય અને આ ધંધામાં પોતાના દાદા સાથે થડે બેસીને ગ્રાહકોને મટન આપીને ગ્રાહકો પાસેથી પૈસા લેતા હોવાના આક્ષેપો છે. અરજદાર/કાયદાના

સંઘર્ષમાં આવેલ બાળકિશોર સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ છે. વધુમાં, સદર ગુન્હાના કામે હાલ તપાસ ચાલુ છે અને પ્રાથમિક તબકકામાં છે. અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર નાસતા ફરે છે અને પોલીસ સમક્ષ હાજર થઈ તપાસમાં સહકાર આપતા નથી. જો અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરની સદર ગુન્હાના કામે કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરુરીયાત હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ જો આવા ગંભીર ગુન્હાના કામે અરજદાર/કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની અવળી અસર પડે તેમ છે. આમ, આ ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબની તમામ હકીકતો અને સંજોગો તથા તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આ કોર્ટને હાલના તબકકે અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુ ક મ ::**

(૧) અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૫'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૫/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik